ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.

તા. 10-3-2005

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય : બોર્ડની જાહેર પરીક્ષાના વિદ્યાર્થીઓના આવેદનપત્રો વર્ગ-શિક્ષક દ્વારા ભરવા અંગે.

સંદર્ભ : બોર્ડની તા. 24-2-2005ની કારોબારી સમિતિમાં થયેલ નિર્ણયો અન્વયે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રોની બોર્ડ દ્વારા ચકાસણી કરવામાં આવતા શાળાઓ દ્વારા આવેદનપત્રો ભરવામાં ભૂલો જણાય છે. તેને ધ્યાનમાં લઈ શાળાઓના આવેદનપત્રો ભરવા માટે જે તે શાળાના નિયમિત વિદ્યાર્થીઓના આવેદનપત્રો જે તે વર્ગના વર્ગ શિક્ષક મારફત ભરાવવાના રહેશે તથા રિપીટર વિદ્યાર્થીના આવેદનપત્ર ભરવા માટે જરૂરિયાત પ્રમાણે એક/બે શિક્ષકને આચાર્યશ્રીએ નિયુક્ત કરવાના રહેશે.

વર્ગ શિક્ષક દ્વારા નિયમિત અને રિપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાની બાબતે જી.આર. નંબર, રિપીટરના કેસમાં તેના અગાઉની પરીક્ષાનો બેઠક નંબર, જન્મ તારીખ વગેરેની ચકાસણી ઉપલબ્ધ રેકર્ડના આધારે કરી આચાર્ય દ્વારા તેની ખરાઈ કરી તે બદલના સહી-સિક્કા કરી બોર્ડની કચેરીને સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે. આ માટે જરૂરી રેકર્ડ વર્ગ શિક્ષકને ઉપલબ્ધ કરાવવાનું રહેશે.

બોર્ડ દ્વારા પ્રિ-લીસ્ટ (સુધારા યાદી) મોકલવામાં આવે ત્યારે તેમાં જે કાંઈ સુધારો કરવાનો થતો હોય તે વિદ્યાર્થી/વર્ગશિક્ષક અને આચાર્ય દ્વારા ચકાસણી કરી સુધારો કરવાનો રહેશે અન્યથા ફી-રસીદમાં કોઈ ભૂલ આવશે તો તે માટે બોર્ડની જવાબદારી રહેશે નહીં.

સહી/-
(જી. એમ. રબારી)
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તિ,

Scanned with CamScanner

૧૮૬૦ -૨૦૨૫

ક્રમાંક / માધ્ય / આવેદનપત્રો / ૨૦૦૫-૦૬/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર.
તા. ૧ /૮/૨૦૦૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/ ઉ.બુ.શાળાઓ,
ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ તમામ.
ભાવનગર જિલ્લો.

વિષયઃ- ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધો.૧૦ અને ધો.૧૨ની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ભરવાની કામગીરી વર્ગશિક્ષકો દ્વારા કરાવવા અંગે.

જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા થયેલ કારોબારીના ઠરાવ નં. ૨ પ્રમાણે હવે પછી સંયુકત આવેદનપત્રો ભરવાની કામગીરી વહીવટી કર્મચારીના બદલે શિક્ષકો દ્વારા કરાવવા વર્ગશિક્ષકને જરુરી સુચનાઓ આપવા જણાવવામાં આવે છે.

સદર કામગીરી સચિવશ્રી, ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના પત્રાંક : મઉમશબ/ ગટે-૧/કા.સા.કા.ના./તા.૨૩-૩-૦૫ અન્વયે અમલમાં મુકવાની થાય છે.જેની નોંધ લેવી.

(સહી)

જિલ્લા શિક્ષણાધિકારી,
ભાવનગર જિલ્લો, ભાવનગર.

નકલ જાણ સારુ રવાના :-
૧: સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૨: પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ.

Scanned with CamScanner